## હા... સાહેબ !

'સાહેબ, શું કરો છો ?'
'અભ્યાસ !'
'અભ્યાસ ? આ ઉંમરે ? આર્ટ્સ - કોમર્સ કે કાયદાનો ?'
'અરે, ભાઈ... અભ્યાસ કરું છું બધા રાજકારણીઓનાં ચૂંટણી પ્રવચનોનો !'
'હેં ?'
'હા...'
'શું તારણ નીકળે છે બધાં પ્રવચનોના તમારા સ્ટડીમાંથી ?'
'એ જ કે પાડી દો એકબીજાને...'
'સાહેબ, ચૂંટણી એટલે યુદ્ધ અને 'એવરીથીંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વૉર'. એય જાણો જ છો ને તમે.
'હા... પણ ચૂંટણી લોકશાહીનું આભૂષણ ગણાય...'
'તો...'
'એ લોકશાહીને ચૂંટણીના નામે આ બધું શોભતું નથી એ સમજુઓને કેમ સમજાતું નહીં હોય !'
'સાહેબ, સમજે તો બધા જ છે પણ વાત વટ ઉપર ને જીતના દાવ ઉપરની હોય પછી એ બધું વિચારવાનું ન પાલવે... બોલો સાહેબ, બીજું શું કહો છો ?'
'કહેવાનું તો ઘણું બધું છે પણ બધું પથ્થર ઉપર પાણી છે...'
'હોય સાહેબ, બહુ વલોપાત ન કરીએ...'
'વલોપાત ? અરે, જીવ કળીએ કળીએ કપાય છે જયારે શુદ્ધ ને પરિશુદ્ધ હોવાના દાવા કરતા પક્ષો જીતવા માટે - સત્તા હાંસલ કરવા માટે ગુનેગારો - દોષિતોને પોતાના પક્ષમાંથી ઉમેદવારી કરાવતાં લજવાતાં નથી ત્યારે...'
'એ ખરું પણ...'
'અરે દુઃખ થાય છે જયારે એક સમયે ગાળો દેતા સામેના પક્ષના માણસોને પોતાના પક્ષમાંથી ખેંચી લાવી 'અમારાં જોડાયા' ના ગાણાં ગવાય છે ત્યારે...'
'સાહેબ, આ બધું તો રાજરમતનો ભાગ ગણાય...'
'રાજરમત કે છળકપટ?'
'છળકપટ તો મહાભારત કાળમાં ય કૌરવો-પાંડવો વચ્ચે કયાં નહોતું ખેલાતું? ખેલાતું'તું... પણ છેવટે વિજય સત્યનો - સચ્ચાઈનો જ થયો ને !'
'હા... પણ વર્તમાનકાળમાં તો કોણ સાચું ને કોણ ખોટું એ જ સમજાતું નથી પછી...'
'જવા દો... રાજકીય નેતાઓનાં ભાષણો સાંભળી ઘણી બધી કહેવતો યાદ આવે છે ને નવા સંદર્ભમાં એના અર્થો સ્પષ્ટ થાય છે...'
'એટલે ?'
'એટલે ભાષણો વાંચીને, ટી.વી. ચેનલ્સ પર સાંભળીને કહેવત સાંભળે કે 'હાથીના દેખાડવા ને ચાવવાના જુદા...'
'હં... હં...'
'હમારા ખૂન, ખૂન હે ઔર તુમ્હારા ખૂન પાની...'

● અનુસંધાન પાન-૬ પર

# શહેરના ડેકોરેટર્સના ગોડાઉનમાં ભીષણ આગ

### વહેલી સવારે ભભુકેલી આગમાં લાખો રૂપીયાનું નુકશાન, ફાયર બિગ્રેડના 3 વાહનોમાંથી ૪૦ હજાર લીટર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો

ગાંધીનગર, તા.૫
ગાંધીનગર શહેરના સેકટર-૨૬ જીઆઈડીસીમાં આવેલ અભય મંડપ ડેકોરેશનના ગોડાઉનમાં અચાનક રવિવારની વહેલી સવારે આગ ભભુકી ઉઠી હતી. આગની જવાળા દેખાતા હાજર કર્મચારીઓએ ફાયર બિગ્રેડને જાણ કરતા રીજીયોનલ ફાયર ઓફિસર મહેશ મોડ તેમની ટીમ લઈને તાત્કાલીક બનાવ સ્થળે પહોંચી ગયા હતા. અને ફાયરના ત્રણ વાહનોમાંથી ૪૦ હજાર લીટર પાણીનો છંટકાવ કરીને દોઢ કલાકમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે ગોડાઉનમાં ફર્નિચર, ગાદલા, તકીયા, ચાદરો, જાજમ, ખુરશી-ટેબલ સહિતનો કિંમતી સામાન બળીને રાખ થઈ ગયો હતો. બનાવ સ્થળે અભય ડેકોરેશનના માલિક પણ દોડી આવ્યા હતા. જયારે આગ લાગી હોવાનું જાણ થતા આસપાસના નાગરીકોના ટોળેટાળા ઉમટ્યા હતા. આગ એટલી વિકરાળ હતી કે આગની જવાળા દુરદુર સુધી જોઈ શકાતી હતી.




ગાંધીનગર શહેરના મંડપ ડેકોરેશનના વેપારક્ષેત્રમાં આગવું નામ ધરાવતા અભય મંડપ ડેકોરેશનનું સેકટર-૨૬ જીઆઈડીસીમાં ઈ નં.-૧૯૨ ગોડાઉન આવેલું છે. આ ગોડાઉનમાં મંડપ તેમજ ડેકોરેશનને લગતો કરોડો રૂપીયાનો સામાન રાખવામાં આવે છે. જેમાં લાકડાનું ફર્નિચર, ગાદલા, તકીયા, ચાદર, જાજમ, ચંદરવા, કાપડ, પંખા, કુલર, ખુરશી, ઈલેક્ટ્રોનીક સહિતના સામાનનો સમાવેશ થાય છે. ત્યારે રવિવારની

● અનુસંધાન પાન-૬ પર



સેકટર-૨૬ જીઆઈડીસીના ઈ-૧૯૨ અભય ડેકોરેશનના ગોડાઉનમાં લાગેલી આગ ભીષણ હતી. આગને પ્રોત્સાહન આપે તેવી બળતણમાં વપરાતી ચીજવસ્તુઓનો માલસામાન વધુ હોવાથી આગ પર કાબુ મેળવતા દોઢ કલાક થી વધુનો સમય થયો હતો અને ત્રણ વાહનો તેમજ આખી ટીમ દ્વારા ૪૦ હજાર લીટર પાણીનો છંટકાવ કરીને આગ પર કાબુ મેળવ્યો હતો. જયારે આગ આસપાસમાં પ્રસરે નહી તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું.

**મહેશ મોડ ( રીજીયોનલ ફાયર ઓફિસર)**

### આગમાં એક કરોડનો માલ-સામાન ખાખ

ગોડાઉનમાં આગને પગલે મોટાભાગનો સામાન બળીને રાખ થઈ જવા પામ્યો છે. જેમાં ફર્નિચર, કાપડ, ક્રોકરી, ઈલેક્ટ્રોનીક સહિતના સામાનનો સમાવેશ થાય છે. ગોડાઉનમાં જોતા આગ પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટસર્કિટથી લાગી હોય તેવું લાગે છે. જયારે આગમાં એક કરોડ રૂપીયાનું નુકશાન થયું હોવાનો અંદાજ છે.

**યુસુફભાઈ મનસુરી**
**( અભય મંડપ ડેકોરેશન)**

# આજથી દ્વિતિય શૈક્ષણિક સત્ર આરંભાશે

### દિવાળી વેકેશનના અંતે શાળાઓ વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજશે ૨૧ દિવસીય વેકેશનમાં મોજમસ્તી માંણ્યા બાદ વિદ્યાર્થીઓ હવે ફરી અભ્યાસમાં જોતરાશે

ગાંધીનગર તા ૫
શાળાઓમાં ૨૧ દિવસીય દિવાળી વેકેશન પુર્ણ થતા આજથી નગરના શૈક્ષણિક સંકુલોમાં ધમધમાટ જોવા મળશે. દિવાળી વેકેશનની મજા માંણ્યા બાદ વિદ્યાર્થીઓ બીજા શૈક્ષણિક સત્રના પ્રારંભે અભ્યાસુ પ્રવૃતિમાં વ્યસ્ત બનશે. શહેરની શાળાઓ ફરી વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજી ઉઠશે.

દિવાળી વેકેશન દરમિયાન તહેવારોની ઉજવણી અને ટુંકા પ્રવાસની મોજ મસ્તી માંણ્યા બાદ શાળાઓમાં વેકેશન પુર્ણ થતા આજથી વિદ્યાર્થીઓ ફરી દફતર લઈને શાળાએ જશે. વેકેશન દરમિયાન લેટ ધેમ પ્લેના અભિગમને અપનાવતા વાલીઓ પણ શાળાઓ ખુલવાની હોવાથી આજે પોતાના પાલ્યને સજ્જ કરવા કામે લાગી ગયા હતા. દિવાળીના ૨૧ દિવસના વેકેશન દરમિયાન શાળાઓમાં રજાઓના માહોલ વચ્ચે સુનકાર પ્રવર્તેલો જોવા મળતો હતો. જયારે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ગેરહાજરી વચ્ચે શાળા સંકુલોમાં સન્નાટો જોવા મળતો હતો. ૨૧ દિવસના દિવાળી વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓએ પણ ક્રેકર્સની સાથે ટુંકા પ્રવાસની મજા માંણી હતી. દિવાળીના પર્વ દરમિયાન અભ્યાસુ પ્રવૃતિથી દુર હટીને મજા માંણતા વિદ્યાર્થીઓ આજથી ફરી અભ્યાસમાં જોડાઈ જશે. શાળા સંકુલો વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજી ઉઠશે. શાળાઓ ખુલવાના આગળના દિવસે એટલે આજે રજા હોવાથી સાંજના સમયે નગરના બજારોમાં પ્રમાણમાં ભીડ જોવા મળી હતી. શાળાઓમાં શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે નગરના જનજીવનમાં ધમધમાટ જોવા મળશે. વિદ્યાર્થીઓ શાળાના ગણવેશમાં સજ્જ જોવા મળશે.દિવાળી વેકેશનના અંતે વિદ્યાર્થીઓ હવે વાર્ષિક પરીક્ષાની તૈયારીને ધ્યાને લઈ અભ્યાસમાં જોડાઈ જશે.

# અમીત શાહના કાર્યક્રમમાં વિરોધ કરવા જતા પાસ કન્વીનરની ધરપકડ

ગાંધીનગર, તા.૫
ભાજપા અધ્યક્ષ અમીત શાહના કાર્યક્રમમાં વિરોધ કરવા જતા પંચમહાલ જિલ્લાના પાસ કન્વીનર નિરવ પટેલની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ગુજરાતમાં ચૂંટણીની તારીખો જાહેર થતા ભાજપા અધ્યક્ષ અમીત શાહ હાલ ગુજરાતમાં જિલ્લાઓના પ્રવાસે આવ્યા છે. સૌરાષ્ટ્રના જિલ્લાઓનો પ્રવાસ પૂર્ણ કર્યા બાદ અમીત શાહનો આજે પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે ભાજપના જિલ્લા તાલુકા આગેવાનો કાર્યકરોને માર્ગદર્શન આપવા માટેનો કાર્યક્રમ ગોધરા ખાતે યોજાયો હતો.

ગોધરા ખાતે યોજાયેલા ભાજપા અધ્યક્ષ અમીત શાહના કાર્યક્રમમાં વિરોધ કરવા જતા પંચમહાલના પાસ કન્વીનર નિરવની પોલિસે ધરપકડ કરી હતી. છેલ્લા બે દિવસથી પાસના કાર્યકરો આક્રમક મોડ પર આવ્યાના અહેવાલો મળે છે. અનામત મુદ્દે ભાજપનાવલણના પગલે પાસમાં ઉશ્કેરાટ વધતો જાય છે.

# અક્ષરધામ હુમલાનો આરોપી અજમેરી સાબરમતી જેલ હવાલે

### માસ્ટરમાઇન્ડ અજમેરીના રિમાન્ડ નામંજૂર : ૧૦ દિન માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં હશે : જેલમાં જઇ પુછપરછ કરવા માટે ક્રાઇમ બ્રાંચને કોર્ટે પરવાનગી આપી

અમદાવાદ,તા.૫
દેશ અને દુનિયામાં જબરદસ્ત ખળભળાટ મચાવનારા અક્ષરધામ હુમલાના માસ્ટર માઈન્ડ એવા આંતકવાદી અબ્દુલ રશીદ અજમેરીને શહેર ક્રાઈમબ્રાંચે આજે અરજન્ટ ચાર્જના ન્યાયાધીશ પી.બી.દેસાઇના નિવાસસ્થાને રજૂ કર્યો હતો અને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જો કે, કોર્ટે આરોપી અબ્દુલ રશીદ અજમેરીના રિમાન્ડ નામંજૂર કર્યા હતા અને તેને જયુડીશીલ કસ્ટડીમાં મોકલી આપવા હુકમ કર્યો હતો. જો કે, કોર્ટે જેલમાં જઈ આંતકવાદી અબ્દુલરશીદ અજમેરીની પૂછપરછ કરવા ક્રાઈમબ્રાંચને પરવાનગી આપી હતી. ગઈકાલે વહેલી પરોઢે ક્રાઈમબ્રાંચે એક મોટા ઓપરેશનમાં આંતકવાદી અબ્દુલ રશીદ અજમેરીને અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઝડપી લીધો હતો.

ક્રાઈમબ્રાંચ તરફથી મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટે રિમાન્ડ અરજીમાં જણાવ્યું હતું કે, આરોપી અબ્દુલરશીદ સુલેમાનભાઈ અજમેરી(રહે.જના દાણાપીઠ, શાહપુર, સગરવાડ) ઘણા વર્ષોથી સાઉદી એરબીયા ખાતે રહેતો હતો અને અમદાવાદ શાહપુર ખાતે રહેતા તેના ભાઈ આદમ સુલેમાન અજમેટરી કે જે આ ગુનામાં અગાઉ પકડાયેલ અને અન્ય આરોપીઓ સાથે સંપર્કમાં રહીને સાઉદી અરેબીયામાં અન્ય મુસ્લિમ યુવાન છોકરાઓ તથા જૈશ એ મહંમદ, લશ્કર એ તૌયબા જેવા આંતકવાદી સંગઠનોના આગેવાનો સાથે મળી ૨૦૦૨માં ગોધરાકાંડ બાદ ગુજરાતભરમાં થયેલા કોમી તોફાનોમાં મુસ્લિમોને થયેલ જાન-માલના નુકસાનીનો બદલો લેવા કાવતરૂ ઘડયું હતું.

# રાહુલ ગાંધીની ૧૧મીથી ઉત્તર ગુજરાતમાં ત્રણ દિવસ 'નવસર્જન ગુજરાત યાત્રા '

ગાંધીનગર, તા.૫
કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આગામી ૧૧મી નવેમ્બરથી ચોથા તબક્કાનો ઉત્તર ગુજરાતનો પ્રવાસ ખેડશે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા રોજગારી સહિતના મુદ્દાઓને લઈને નવસર્જન ગુજરાત યાત્રા શરુ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના નેતૃત્વમાં સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દ. ગુજરાતમાં એમ ત્રણ તબક્કાની યાત્રાઓ પૂર્ણ કરવામાં આવી છે.

ત્રણ તબક્કામાં યાત્રા પૂર્ણ કરવામાં આવ્યા બાદ હવે આગામી ૧૧મી નવેમ્બરથી ત્રણ દિવસ ઉત્તર ગુજરાતમાં નવસર્જન યાત્રા ચોથા તબક્કામાં નિકળશે. આ યાત્રા હિંમતનગરથી શરુ થશે જે સાબરકાંઠા, બનાસકાંઠામાં ફરીને છેલ્લે મહેસાણા જિલ્લામાં વિજાપુર ખાતે પૂર્ણ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ઉત્તર ગુજરાતમાં રાહુલ ગાંધી ૯મીએ પ્રવાસે આવવાના હતા જો કે, તેમના આ કાર્યક્રમમાં ફેરફાર થવા પામ્યો છે. એ આગામી ૧૧મી નવેમ્બરે ત્રણ દિવસના ઉત્તર ગુજરાતના પ્રવાસે આવનાર છે.

ગુજરાતમાં ચાર તબક્કામાં ચાર ઝોનમાં કોંગ્રેસ દ્વારા નવ સર્જન ગુજરાત યાત્રા દ્વારા સમગ્ર રાજયમાં કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આગામી ચૂંટણી માટે કોંગ્રેસના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરીને લોકોનો સંપર્ક કરી કોંગ્રેસ તરફ ઝોક વાળવા માટેનો પ્રયાસ કર્યો છે. જો કે આ યાત્રા કોંગ્રેસને આગામી ચૂંટણીમાં કેટલી સફળતા અપાવશે તે જોવું રહ્યું.

### ઉત્તર ગુજરાતનો પ્રવાસ કાર્યક્રમ

- ૧૧ તારીખે એરપોર્ટ થી ચીલોડા
- ચિલોડા થી દહેગામ, પ્રાતિજ,હિંમતનગર શામળાજી અને રાત્રે ૭.૩૦ થી ૮ કલાકે અંબાજી મંદિર દર્શન
- ૧૨ તારીખ ના રોજ અંબાજીથી યાત્રા શરૂ
- અંબાજીથી પાલનપુર, ડીસા, ભીલડી, શિહોરી, થરા, રાધનપુર અને થરા ખાતે ભરવાડ સમાજના વાળીનાથ મંદિરમાં દર્શન
- ૧૩ તારીખના રોજ પાટણ, હારીજ, શંખેશ્વર મંદિરમાં દર્શન અને બહુચરાજી મંદિર માં દર્શન...બહુચરજીમાં જાહેર સભા,

**સભા બાદ**

- ૧૩ તારીખે મહેસાણામાં જી આઈ ડી સી હોલ માં વેપારીઓ,અને ઉદ્યોગ પતિઓ સાથે બેઠક ત્યારબાદ મહિલા સંમેલન
- વિસનગર થી વિજાપુર ખાતે સમાપન.

# શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત : સફાઈના નામે પણ મીંડુ

ગાંધીનગર તા ૫
મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ ટેક્ષનુ ઉધરાણુ કરવામાં આવે છે. પરંતુ રખડતા ઢોર અને કુતરાઓનો ત્રાસ નિવારવા માટે કોઈ નક્કર પગલા લેવાતા નથી. જયારે સફાઈનો પ્રશ્ન પણ રખડતી હાલતમાં છે. ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાનુ કામ પણ અનિયમિત થઈ રહયુ છે. જયારે શેરી સફાઈના નામે મીંડુ છે જેના લીધે કરદાતાઓમાં રોષ પ્રવર્તયો છે.

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા જુની અને જટીલ છે. અનેક રજુઆતોના અંતે રખડતા ઢોરના પ્રશ્નને નિવારવા નક્કર પગલા લઈ શકાયા નથી. અગાઉ રખડતા ઢોરની સમસ્યાને ડામવા માટે મહાનગરપાલિકા દ્વારા ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ સમયાંતરે આ કામગીરી ન જળવાતા સેકટરોમાં હાલ પણ રખડતા ઢોરનો અડ્ડો જોવા મળી રહયો છે. રખડતા ઢોરના લીધે ગંદકીનો પ્રશ્ન પણ જટીલ બન્યો છે.જયારે સેકટરોના આંતરિક તેમજ મુખ્ય માર્ગો પર માર્ગ સલામતી જોખમાઈ છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા હાથ ધરાયેલી ઢોર પકડવાની ઝુંબેશ નિયમિત રૂપે ન જળવાતા વર્ષો જુની આ સમસ્યાને નિવારી શકાઈ નથી. જયારે સેકટરોમાંથી ગંદકી ઉલેચવાનુ કામ પણ થઈ શક્યુ નથી. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં હજુ પણ ગંદકીના દ્રશ્યો યથાવત જોવા મળી રહયા છે. શહેરમાં ઘરે ઘરેથી કચરો ઉઠાવાની વ્યવસ્થા અગાઉ નિયમિત રૂપે કાર્યરત હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી કચરો ઉઠાવાની યોજનામાં પણ ભંગાણ પડયુ છે. જેના લીધે

● અનુસંધાન પાન-૬ પર

### બેસણું



મારા પુત્ર શ્રી હેમંતકુમાર જેણાજી ઠાકોરનું દુઃખદ અવસાન તા. ૧-૧૧-૧૭ને બુધવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૬-૧૧-૧૭ને સોમવારના રોજ સવારે ૧૦ થી ૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે

સ્થળ : મહાદેવપુરા, ગામ : પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર, મો. ૯૮૯૮૦૦૧૬૮૦

લિ. જેણાજી બબાજી ઠાકોર (પિતા), ગંગાબેન જેણાજી ઠાકોર (માતા), મુકેશજી જેણાજી ઠાકોર (ભાઈ), ગોપાલજી જેણાજી ઠાકોર (ભાઈ), વીણાબેન દિલીપજી ઠાકોર (બહેન), પન્નાબેન ચેતનજી ઠાકોર (બહેન)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com